




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-20 ■ તા. 10-05-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### નવા ઝોનની યાદી બે ત્રણ દિવસમાં બહાર પડશે, ૧૫મીએ નિર્ણય લેવાશે

## કેટલાક પ્રતિબંધો સાથે ૧૭મી પછી લોકડાઉન ખુલવાની શક્યતા સરકારે તૈયારી શરૂ કરી



નવી દિલ્હી,તા.૯

કોરોના વાયરસનો સામનો કરવા હાલમાં દેશ લોકડાઉનના ત્રીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. લોકડાઉન-૩ના ૧૪ દિવસના આ લોકડાઉનમાં સરકારે કેટલીક રાહતો પણ આપી છે. લોકડાઉન ૩.૦મા સરકારે દેશને રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં વહેંચેલ છે. લોકડાઉન ૩.૦નો ગાળો ૧૭મીએ પુરો થઈ રહ્યો છે. હવે કેન્દ્ર સરકાર લોકડાઉન પુરૂ થયા બાદના પ્લાન ઉપર આગળ વધી રહી હોવાનું જાણવા મળે છે.

સરકાર દ્વારા દરેક જિલ્લાની સ્થિતિ પર અભ્યાસ ચાલુ છે અને રાજય સરકારો સાથે ચર્ચા બાદ એકાદ બે દિવસની અંદર ત્રણેય ઝોનની નવી યાદી બહાર પડે તેવી શકયતા છે. સરકાર લોકડાઉન પુરૂ થયા પછી સ્થિતિને થાળે પાડવા માટે વિવિધ પ્રવૃતિની નેગેટીવ લીસ્ટની એક યાદી પણ તૈયાર કરી રહ્યુ છે. સરકાર એવો પ્લાન ઘડે છે કે અર્થતંત્ર પણ દોડતુ રહે અને લોકોને મુશ્કેલી પણ ન પડે. સરકારે જાહેર કર્યા અનુસા,ર અત્યારે ૧૩૦ જિલ્લા રેડ, ૨૮૪ ઓરેન્જ અને ૩૧૯ ગ્રીન ઝોનમાં છે. જો કે છૂટ બાદ અમુક વિસ્તારોમાં કોરોનાના કેસ વધ્યા છે. આવતા થોડા દિવસોમાં ત્રણેય ઝોનની સંશોધીત યાદી જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. અત્યાર સુધીમાં ૨૧૬ જિલ્લા એવા છે જ્યાં હજુ સુધી એક પણ કેસ નોંધાયા નથી. ૩૬ જિલ્લા એવા છે જ્યાં છેલ્લા ૧૪ દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. ૪૬ જિલ્લા એવા છે જ્યાં સાત દિવસમાં એક પણ કેસ સામે આવ્યો નથી. સરકાર હવે ૧૭મી પછીનો એક સરળ એક્ઝીટ પ્લાન બનાવી રહી છે. પીએમઓ ૧૫મી તારીખની આસપાસ નેગેટીવ લીસ્ટની યાદી બહાર પાડે તેવી શકયતા છે. જેમા આરોગ્ય, ગૃહ અને ઈકોનોમીક મંત્રાલયોના ઈનપુટનો સમાવેશ હશે. સરકાર એવી મંજુરી આપવા માગે છે કે જેથી આર્થિક પ્રવૃતિ ચાલી શકે જે દરમિયાન સેનીટેશન અને સોશ્યલ ડીસ્ટન્સના નિયમોનું પાલન કરવાનુ રહેશે. જો કે સરકાર પાસે એવી આશંકા છે કે આનાથી ઈન્સ્પેકટર રાજ આવી શકે છે, વિદેશ ઈન્વેસ્ટરો દૂર થઈ શકે છે. ઉપરાંત સરકાર મલ્ટીપલ ગાઈડલાઈન્સ બહાર પાડે તેનાથી ગુંચવાડો પણ થઈ શકે છે. જ્યાં સુધી સપ્લાય ચેઈન અધુરી છે ત્યાં સુધી ઉદ્યોગ પૂર્ણ ક્ષમતાથી ચાલુ થઈ શકે તેમ નથી. અત્રે નોંધનીય છે કે સરકારે બે તબક્કામાં અનેક પ્રવૃતિઓ ચાલુ કરવા મંજુરી આપી હતી. ૨૦મી એપ્રિલે અને ૪થી મેએ કેટલીક મંજુરી આપવામાં આવી હતી,સરકારના નિતીનિર્ધારકોને એવી ચિંતા છે કે ૧૭મી પછી જો વધુ કડકાઈ રાખવામાં આવશે તો સ્થાનિક ઓથોરીટીના હાથમાં વધુ પડતી સત્તા આપવી પડશે તેનાથી ઈન્સ્પેકટર રાજ પણ પરત ફરી શકે છે. આ ઉપરાંત વિદેશી ઈન્વેસ્ટરોને આકર્ષવાના પ્લાન પર પણ પાણી ફરી વળે તેમ છે. સરકાર જે નેગેટીવ લીસ્ટની યાદી તૈયાર કરવા જઈ રહી છે તેમા કઈ પ્રવૃતિ શરૂ કરવી અને કઈ પ્રવૃતિ શરૂ કરવાને મંજુરી ન આપવી. સરકારી અધિકારીના જણાવ્યા પ્રમાણે, અત્યારે નેગેટીવ લીસ્ટમાં પાંચથી છ બાબતોની જરૂરીયાત લાગે છે અને બાકીની સંપૂર્ણ રીતે ખુલ્લી મુકી દેવાની તૈયારી છે. સપ્લાય ચેઈન સંપૂર્ણ રીતે કામ કરવી જોઈએ. સરકારનો એવો ઈરાદો છે કે આર્થિક પ્રવૃતિ ફરી ધમધમે અને તેની સાથોસાથ સેનીટેશનના કડક નિયમોનું પાલન થાય અને સોશ્યલ ડીસ્ટન્સીંગ રહે. અધિકારીના જણાવ્યા પ્રમાણે, નેગેટીવ લીસ્ટની યાદીમાં એવી પ્રવૃતિઓ હશે જેમાં લોકો એકઠા થઈ ન શકે, ગુજરીબજાર જેવી બજાર ભરાઈ ન શકે અને થોડા સમય માટે શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ રાખવી પડશે.. સરકારે વિચાર્યુ છે કે પબ્લિક ટ્રાન્સપોર્ટ વૈકલ્પીક બેઠક વ્યવસ્થા સાથે ડિસ્ટન્સીંગ રાખવા અને રેગ્યુલર ડીસ ઈન્ફેકટ(બસ, રીક્ષા, ટેકસ વગેરેને સેનેટાઈઝ કરવા)ની વ્યવસ્થા કરી શરૂ કરવા દેવું. એટલુ જ નહિ હવાઈ સેવા પણ શરૂ કરવી જેમા વચલી સીટ ખાલી રાખવી. એટલુ જ નહિ કામકાજના સ્થળે ૧૦થી વધુ લોકો એકઠા થઈ ન શકે. નવી ગાઈડલાઈન્સમાં ફેકટરીમાં બે પાળી વચ્ચે ૪૦ મીનીટનો સમય રાખવો, સેનીટેશનની વ્યવસ્થા રાખવી, હેન્ડ સેનેટાઈઝર જાહેર સ્થળો, પબ્લિક ટ્રાન્સપોર્ટ, સરકારી અને ખાનગી કામકાજના સ્થળોએ મુકવા. લોકડાઉનનો ગાળો પુરો થાય તેના બે દિવસ પહેલા એટલે કે ૧૫મીએ આ અંગેની જાહેરાત થાય તેવી શકયતા છે.

### ભારતમાં સ્થિતિ અમેરિકા-બ્રિટન જેટલી ખરાબ નથીઃ સરકાર

નવી દિલ્હી,તા.૯

દેશમાં કોરોના મહામારી રોગચાળામાં અત્યાર સુધી ૫૯,૬૯૫ લોકો સંક્રમિત થયા છે અને ૧,૯૮૫ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ૧૭,૮૮૭ લોકો સારવાર બાદ સાજા થયા છે. સૌથી વધારે સંક્રમિતો ધરાવતા મહારાષ્ટ્રમાં દર્દીઓનો આંકડો ૧૯ હજારને પાર પહોંચ્યો છે. તો બીજા નંબરે ગુજરાતમાં ૭,૪૦૩ લોકો સંક્રમિત થયા છે. પંજાબ સરકારે રાજ્યની તમામ શાળામાં પરીક્ષા વગર જ પાંચમા અને ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓને બીજા ધોરણામાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે.કોરોના વાઈરસનું સંક્રમણ દેશના ૨૬ રાજ્યોમાં ફેલાયું છે.૭ કેન્દ્ર શાસિત પ્રદેશ આના સંકજામાં આવી ગયા છે. જેમાં દિલ્હી, ચંદીગઢ,આંદામાન-નિકોબાર,જમ્મુ-કાશ્મીર,લદ્દાખ,પુડુચેરી અને દાદરા નગર હવેલી સામેલ છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને કહ્યું કે, ભારતમાં કોરોના સંક્રમણની સ્થિતિ અમેરિકા-બ્રિટન જેવા વિકસિત દેશની જેમ એટલી ખરાબ થવાની શક્યતા નથી, પરંતુ સ્થિતિ બગડશે તો પણ તેની સામે લડવા માટેની પુરી તૈયારી છે. તેમણે કહ્યું કે, આપણા અહીંયા કોરોનાથી મૃત્યુ દર સતત ૩.૩ ટકા રહ્યો છે. રિકવરી રેટ વધીને ૨૯.૯ દિવસ થઈ ગયો છે. આ ઘણા સારા સંકેત છે. સંક્રમણના કેસ બમણા થવાની સ્થિતિ ૧૧ દિવસ થયા છે.

### અમિત શાહે મમતા બેનર્જી પર બીજા રાજ્યોમાં ફસાયેલા મજૂરોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી,તા.૯

પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર સરકારની વચ્ચે મતભેદો સતત ચાલુ છે. ગૃહ મંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને એક પત્ર પાઠવ્યો છે. જેમાં તેમણે પ્રવાસી મજૂરો માટે ચલાવવામાં આવતી શ્રમિક ટ્રેનોને મંજૂરી નહીં આપવાનો આરોપ લગાવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને લખેલા પત્રમાં કહ્યું કે, ×કેન્દ્ર સરકાર પ્રવાસી મજૂરોને તેમના ગૃહ રાજ્યો સુધી પહોંચાડી રહી છે. રેલગાડીના માધ્યમથી અત્યાર સુધીમાં આશે બે લાખથી વધારે મજૂરોને તેમના ગૃહ રાજ્ય સુધી પહોંચાડવામાં આવી ચુક્યા છે. પરંતુ પશ્ચિમ બંગાળ સરકાર આ મામલે કેન્દ્રને સહયોગ નથી આપતી.પશ્ચિમ બંગાળમાં જે પણ પ્રવાસી મજૂરો છે તે તેમના ગૃહરાજ્ય જવા વ્યાકુળ છે. મજૂરોને પશ્ચિમ બંગાળથી તેમના ગૃહ રાજ્યો સુધી પહોંચાડાની વ્યવસ્થા પણ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે પરંતુ પશ્ચિમ બંગાળ સરકાર આ મામલે કેન્દ્રને કોઈ સહયોગ આપતી નથી જેનું ખૂબ દુઃખ છે. પત્રમાં આગળ લખ્યું છે કે પશ્ચિમ બંગાળમાં પ્રવાસી મજૂરોને બીજા રાજ્યોથી લઈને બંગાળ પહોંચનારી શ્રમિક ટ્રેનોને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં નથી આવી રહી. આમ કરવાથી પશ્ચિમ બંગાળના શ્રમિકોની સાથે અન્યાય થશે.

### લોકડાઉનના કારણે વિશ્વમાં ૩૩૦ કરોડ મજૂરો પ્રભાવિત, ૧૦૬ કરોડ કામદારોના રોજીરોટીના સાધનો છીનવાયા

## વિશ્વમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂરો લોકડાઉનના કારણે પ્રભાવિત

દુબઈ,તા.૯

કોરોના મહામારી અને લોકડાઉન વચ્ચે જે લોકો પાસે બે ટંકનું ભોજન કરવા કોઈ વ્યવસ્થા નથી તે લોકોનું જીવન સૌથી વધુ મુશ્કેલીમાં મુકાયું છે. એક અહેવાલ પ્રમાણે વિશ્વમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂરો લોકડાઉનના કારણે પ્રભાવિત છે. ઉપરાંત પહેલા કરતા પણ વધારે ભૂખમરાની સ્થિતિમાં હોય તેવા પરિવારોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. લોકડાઉનના કારણે કોઈ કામ ન મળવાથી તેમનું જીવન વધુ કઠિન થઈ રહ્યું છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન(આઈએલઓ)ના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વના કામદારોમાં પ્રત્યેક પાંચમાંથી ચાર મજૂર લોકડાઉનમાં કામ મળતું બંધ થવાથી પ્રભાવિત છે અને આવા લોકોનો કુલ આંકડો આશરે ૩૩૦ કરોડ જેવો છે. જ્યારે ૧૦૬ કરોડ કામદારોના રોજીરોટીના સાધનનો સંપૂર્ણપણે વિનાશ થવાની શક્યતા છે. આર્જેન્ટિનાની સ્થિતિ પહેલેથી જ ખરાબ છે. ત્યાં ૪.૪ કરોડની વસ્તીમાં એક તૃતીયાંશ લોકો ગરીબીમાં જીવી રહ્યા છે. મહામારી પહેલા ત્યાં ૮૦ લાખ લોકો ભોજન માટે મદદ માંગતા હતા અને હાલ તેમાં વધુ ૩૦ લાખ લોકો જોડાયા છે.

મિસ્ત્રની સ્થિતિ પણ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. દેશની સત્તાવાર સ્ટેટિસ્ટિક્સ એજન્સીના અહેવાલ પ્રમાણે રાજધાની કાહિરામાં બે કરોડ લોકો પ્રભાવિત છે કારણ કે, તેમના રોજગાર બંધ થઈ ગયા છે, તેમણે નોકરીઓ ગુમાવી દીધી છે અને પોતાના ઘરે પરત જવા મજબૂર થવું પડ્યું છે. મહામારીના કારણે કોઈ તેમના પાસે કામ કરાવવા તૈયાર નથી. મિસ્ત્રમાં લોકો દરરોજ આશરે ૧૦૦ રૂપિયામાં દિવસ કાઢવા મજબૂર બન્યા છે. ત્યાંના છ ટકા લોકો અત્યંત ગરીબાઈમાં જીવી રહ્યા છે. જો કે, સરકારે ગરીબ લોકોનો જીવ બચાવવા દર મહીને ૨,૨૦૦ રૂપિયાની આર્થિક મદદ આપવાની જાહેરાત કરી છે.

### કોરોના સાઈડ ઈફેક્ટ,ફેસબુકે ૭૫ હજાર રૂપિયા બોનસ પણ આપ્યું

## ફેસબુક-ગૂગલની ઓફિસો જુલાઈમાં કાર્યરત થશે, કર્મચારીઓ ઘરેથી વર્ષના અંત સુધી કામ કરી શકશે

ન્યૂયોર્ક,તા.૯

કોરોના મહામારીના કારણે વૈશ્વિક અર્થતંત્ર ખોરવાયું છે. ઘણી મોટી કંપનીઓએ તેમની ઓફિસો બંધ કરીને કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમની સુવિધા આપવી પડી. અમેરિકાની દિગ્ગજ ટેક કંપનીઓ ફેસબુક અને ગૂગલે પણ મહામારીના શરૂના દિવસોમાં જ તેમના મોટા ભાગના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવા કહ્યું. હવે લૉકડાઉનમાં છૂટ અપાઈ રહી છે તો કંપનીઓની ઓફિસો ખૂલવાનું પણ શરૂ થઈ ગયું છે. ગૂગલ અને ફેસબુક પણ જુલાઈમાં પોતાની ઓફિસો ખોલી રહી છે.

જોકે, બંને કંપનીઓએ એમ પણ કહ્યું છે કે તેમના જે કર્મચારીઓ હાલ વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે તેમને ચાલુ વર્ષના અંત સુધી આ સુવિધા મળતી રહેશે.

ગૂગલે અગાઉ એમ કહ્યું હતું કે તેની વર્ક ફ્રોમ હોમ પોલિસી ૧ જૂન સુધી લાગુ રહેશે પણ હવે તેણે આ પોલિસી વધુ ૭ મહિના માટે લંબાવી છે જ્યારે ફેસબુકે કહ્યું છે કે તેની ઓફિસો ૬ જુલાઈએ ખૂલી જશે પણ કર્મચારીઓ ડિસેમ્બરના અંત સુધી વર્ક ફ્રોમ હોમ કરતા રહેશે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું કે જે કર્મચારીઓને ઓફિસે આવવાની જરૂર છે તેઓ જુલાઈથી આવી શકશે. તે માટે ગૂગલે દુનિયાભરમાં આવેલી તેની ઓફિસોમાં સુરક્ષા માપદંડ વધાર્યા છે, જેથી કર્મચારીઓને સંક્રમણથી બચાવી શકાય.

પિચાઈએ એમ પણ કહ્યું કે ઘરેથી કામ કરતા મોટા ભાગના કર્મચારીઓ ચાલુ વર્ષના અંત સુધી તેમ કરી શકશે.

ફેસબુકનું વલણ પણ ગૂગલ જેવું જ છે. ફેસબુકના પ્રવક્તાએ કહ્યું કે જે કર્મચારીઓ ઘરેથી કામ કરવાનું ચાલુ રાખી શકે તેમ છે તેઓ વર્ષના અંત સુધી આ સુવિધા મેળવી શકશે. સ્થિતિ સતત બદલાઈ રહી છે.

ફેસબુક હાલ એ નક્કી કરી રહી છે કે કયા કર્મચારીઓને ઓફિસે આવવાનું કહેવામાં આવે?

ફેસબુકે ઘરેથી કામ કરતા કર્મચારીઓને ઘરે વર્ક સ્ટેશન તૈયાર કરવા અને બાળકોની સારસંભાળ માટે ૧ હજાર ડોલર (અંદાજે ૭૫ હજાર રૂ.) બોનસ પણ આપ્યું હતું. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ભારત સહિત દુનિયાભરની ઘણી કંપનીઓ પોતાના વર્ક કલ્ચર અંગે ગંભીરતાથી વિચારી રહી છે. ટીસીએસ, ઈન્ફોસિસ અને એચસીએલ જેવી ભારતીય કંપનીઓએ પણ કહ્યું છે કે કોરોનાનું સંકટ દૂર થયા પછી પણ તેઓ વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખશે.

## ગરીબ શ્રમિકો અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને બચાવવા જરૂરી છે:સીઆઈઆઈ

નવી દિલ્હી,તા.૯

દેશના વિવિધ ઉદ્યોગોના સંગઠન ધી કોન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ)એ કેન્દ્ર સરકાર પાસેથી માંગ કરી છે કે, કોરોના મહમારી કોવિડ-૧૯ રોગચાળાને કારણે ભારતીય અર્થવ્યવસ્થા ભારે સંકટમાં છે અને સરકારે તાકીદે ૧૫ લાખ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર કરવુ જોઈએ. આ અગાઉ સીઆઈઆઈએ ૪.૫ લાખ કરોડના રાહત પેકેજની માંગણી કરી હતી હવે તેમા સુધારો કર્યો છે.સીઆઈઆઈના પ્રમુખ વિક્રમ કિર્લોશ્કરે જણાવ્યુ છે કે, અમે અગાઉ જે ધાર્યુ હતુ તેના કરતા પણ વધારે ખરાબ પરિસ્થિતિ અર્થતંત્ર પર પડી રહી છે અને પડવાની છે. તેથી ઈકોનોમીને મોટુ રાહત પેકેજ મળે તે જરૂરી છે. સીઆઈઆઈએ સરકારને ભલામણ કરી છે કે તત્કાલ ૧૫ લાખ કરોડ રૂપિયા અથવા તો જીડીપીના ૭.૫ ટકાની બરાબર રાહત પેકેજ જાહેર કરે. સીઆઈઆઈએ જણાવ્યુ છે કે કોરોનાથી વિશ્વભરની અર્થવ્યવસ્થાને ભારે આંચકો લાગ્યો છે તેમા ભારત પણ બાકાત નથી. આ વર્ષે ભારતીય અર્થવ્યવસ્થામાં ભારે નુકશાન થશે તેથી સરકારે એક મોટા પ્રોત્સાહન પેકેજ આપવાનું એલાન કરવુ જોઈએ જેનાથી ગરીબો અને ઉદ્યોગ ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને સંકટમાંથી બહાર કાઢી શકાય.સંસ્થાએ કહ્યુ છે કે ૩.૦ લોકડાઉન પુરૂ થાય તેથી ૨ મહિના બધુ બંધ રહ્યુ છે. ૨૫મી માર્ચથી ભારતમાં લોકડાઉન છે અને ૧૭મી મેએ તે પુરૂ થવાનુ છે. સીઆઈઆઈએ કહ્યુ છે કે આ મહામારી વેકસીન ન બને ત્યાં સુધી ફુંફાડો મારતી રહેશે અને તેમા ૧૨ થી ૧૮ મહિનાનો સમય લાગશે. સીઆઈઆઈનું કહેવુ છે કે અર્થવ્યવસ્થામાં સુધારાની પ્રક્રિયામાં બે મહિના લાગશે તેવામાં તત્કાલ નાણાકીય પેકેજની જરૂર છે. સીઆઈઆઈએ જણાવ્યુ છે કે આર્થિક કામકાજના અંકુશ પર ૫૦ દિવસ થઈ ગયા છે. તેની ઈકોનોમી ઉપર નકારાત્મક અસર અમારા અગાઉના અનુમાન કરતા વધુ રહેવાની શકયતા છે. તેની ભરપાઈ કરવા માટે પ્રોત્સાહન પેકેજની જરૂર છે જેથી રોજગાર અને આજીવિકાને બચાવી શકાય.અગાઉ ફીક્કીએ ૧૦ લાખ કરોડના પેકેજની માંગણી કરી હતી જ્યારે પીએચડી ચેમ્બર ઓફ કોમર્સે ૧૬ લાખ કરોડના પેકેજની માંગણી કરી છે. જ્યારે એસોચેમએ રૂ. ૧૪ લાખ કરોડના પેકેજની માંગણી કરી છે.

સીઆઈઆઈએ જનધન, આધાર અને મોબાઈલ ધરાવનાર માટે રૂ. ૨ લાખ કરોડના કેસ ટ્રાન્સફરના પેકેજની માંગણી કરી છે. અગાઉ ૧.૭૦ લાખ કરોડના પેકેજ ઉપરાંત આ હોવુ જોઈએ. તેમા પરપ્રાંતીય મજુરોને પણ આવરી લેવા જોઈએ. સીઆઈઆઈએ ઉદ્યોગોને પગાર ચૂકવવા માટે વધારાના ૨ લાખ કરોડના ટેકાની માંગણી કરી છે. ૬૩ મીલીયન એમએસએમઈને બચાવવા માટે સીઆઈઆઈએ ક્રેડીટ પ્રોટેકશન સ્કીમની પણ માંગણી કરી છે

જ્યાં ૬૦થી ૭૦ ટકા લોનની ગેરેંટી સરકારે આપવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો જો લોન લેનાર કસુરવાર થાય તો સરકાર બેંકની લોન ભરપાઈ કરી આપે.

### વિશ્વભરમાં ૪૦.૧૩ લાખ કેસ, ૨.૭૬ લાખ લોકોના મોત

પેરિસ,તા.૯

યુરોપિયન દેશ ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૩ લોકોના મોત થયા છે. આ સાથે અહીં કુલ મૃત્યુઆંક ૨૬ હજાર ૨૦૦ થયો છે. અહીં ૧૭ માર્ચના રોજ લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. ધીમે ધીમે હવે તેમા છૂટ અપાઈ રહી છે.વિશ્વભરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૪૦ લાખ ૧૨ હજાર ૮૩૭ કેસ નોંધાયા છે. ૨ લાખ ૭૬ હજાર ૨૧૬ લોકોએ કોરોનામાં જીવ ગુમાવ્યા છે. તો બીજી તરફ ૧૩ લાખ ૮૫ હજાર ૧૪૧ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.હોંગકોંગમાં તમામ જીમ, બ્યુટી પાર્લર્સ, ઝૂ અને બાર ખુલ્યા છે. જોકે અહીં આવનાર લોકોએ ગાઈડલાઈનનું કડક રીતે પાલન કરવાનું રહેશે. ચીનમાં હાલ માત્ર ૧૫ જ એક્ટિવ કેસ છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૩ લાખ ૨૧ હજાર ૭૮૫ કેસ નોંધાયા છે. જેમા ૭૮ હજાર ૬૧૫ લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસના કહ્યા મુજબ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસ અને ગ્લોબલ ઈકોનોમી અંગે જર્મની અને સાઉદી અરેબિયા સહિતના વિશ્વના નેતાઓ સાથે વાતચીત કરી છે.

## કોરોના સંકટમાં ગુજરાતની સાથે મહારાષ્ટ્ર-દિલ્હીએ પણ મોદી સરકારની ચિંતા વધારી

નવી દિલ્હી,તા.૯

મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીમાં સતત વધી રહેલા કોરોનાના કેસો કેન્દ્ર સરકાર માટે ચિંતાનો વિષય બની રહ્યા છે. આ રાજયોમાં કોન્ટેકટ ટ્રેસિંક, કવોરન્ટાઈન અને કન્ટેઈન્મેન્ટની કામગીરીમાં ઉણપ રહી ગઈ હોવાથી કોરોના કાબૂમાં આવવાને બદલે વકરી રહ્યો છે. જેની અસર દેશના ગ્રાફ પર પણ દેખાઈ રહી છે. આ સપ્તાહમાં દેશમાં કોરોનાના કેસ ડબલ થવાનો રેટ ૧૨ દિવસથી ઓછો થઈ ૧૦ દિવસ થઈ ગયો છે. લોકડાઉન પિરિયડમાં દેશમાં એકંદરે સ્થિતિ સુધરી રહી હતી, પરંતુ લોકડાઉનનો ચૂસ્ત અમલ ના થતાં કોરોનાના કેસ ફરી વધી રહ્યાં છે તેવું કેન્દ્રના એક અધિકારીએ જણાવ્યું હતું.

ટોચના ત્રણ રાજયો ઉપરાંત, તમિલનાડુ, રાજસ્થાન અને આંધ્રાના આંકડા પણ ચિંતાજનક છે, પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર અને દિલ્હી જેટલા નહીં. પીએમની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલના પૂર્વ સભ્ય શમિકા રવિએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મૃત્યુદર ઉંચો છે, અને વધી રહ્યો છે. જયારે દિલ્હીમાં તે ઉંચો છે પરંતુ સ્થિર છે. દિલ્હીમાં વસ્તી ઘણી ગીચ છે, અને તેનો વિસ્તાર ગુજરાત તેમજ મહારાષ્ટ્રની સરખામણીએ ઘણો નાનો છે. મહારાષ્ટ્રમાં ચિંતાજનક વાત એ છે કે, અહીં લોકડાઉનનો જોઈએ તેવી સખ્તાઈથી અમલ નથી થઈ રહ્યો. મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે કેન્દ્ર સરકારે વાત પણ કરી છે, અને રાજય સરકારે વિવિધ એજન્સીઓ સાથે યોગ્ય કોર્ડિનેશન કરવાની ખાતરી પણ આપી છે. જોકે, સ્થિતિ હજુય જોઈએ તેવી સુધરી નથી. રાજયમાં કોન્ટેકટ ટ્રેસિંગ અને સ્લમ એરિયામાં સર્વેલન્સની કામગીરીમાં હજુય ઉણપ હોવાનું કેન્દ્રના અધિકારીઓ માની રહ્યાં છે.મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે કેન્દ્ર સરકારે વાત પણ કરી છે, અને રાજય સરકારે વિવિધ એજન્સીઓ સાથે યોગ્ય કોર્ડિનેશન કરવાની ખાતરી પણ આપી છે. જોકે, સ્થિતિ હજુય જોઈએ તેવી સુધરી નથી. રાજયમાં કોન્ટેકટ ટ્રેસિંગ અને સ્લમ એરિયામાં સર્વેલન્સની કામગીરીમાં હજુય ઉણપ હોવાનું કેન્દ્રના અધિકારીઓ જણાવ્યું હતું.. અમદાવાદમાં પણ કોરોનાના કેસો ખૂબ જ ઝડપથી વધી જતાં હાલ શહેરમાં લોકડાઉનનો સખ્તાઈથી અમલ કરાવાઈ રહ્યો છે. શહેરમાં માત્ર દૂધ અને દવાની દુકાનો જ ખૂલ્લી છે. શાકભાજી તેમજ કરિયાણાનું વેચાણ પણ અટકાવાઈ દેવાયું છે.

મહારાષ્ટ્રમાં આવી કડકાઈથી લોકડાઉનનો અમલ નથી થઈ રહ્યો.

ઉલ્લેખનીય છે કે, દેશમાં શુક્રવારે સતત ત્રીજા દિવસે કોરોનાના ત્રણ હજારથી વધુ નવા કેસ નોંધાયા હતા. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧,૦૦૦ કેસ હતા. તમિલનાડુમાં ગઈકાલે ૬૦૦, ગુજરાતમાં ૩૯૦ અને દિલ્હીમાં ૩૩૮ નવા કેસ નોંધાયા છે.

દેશમાં કુલ કેસોનો આંકડો ૬૦,૦૦૦ને પાર કરવામાં માત્ર ૩૦૦થી દૂર છે. ગઈકાલના એક દિવસમાં દેશભરમાં ૯૩ લોકોએ કોરોનાથી દમ તોડ્યો હતો..

## તંત્રી લેખ

# યોગી સરકારે કામદારોના શોષણને મંજૂરી આપી

ભારતમાં કોઈ પણ આફત આવે, તેની કિંમત સમાજના છેવાડાના નાના માણસે જ ચૂકવવી પડે છે. કમનસીબી એ છે કે, આપણા રાજકારણીઓ ગરીબોને સાચવવાની ને તેમના હિતો સાચવવાના ફડાકા બહુ મારે છે પણ વર્તવાનું આવે ત્યારે ધનિકોનાં હિતો જ સાચવે છે. ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે લીધેલો નિર્ણય તેનો તાજો પુરાવો છે.કોરોના વાઈરસના કારણે લાદવા પડેલા લોકડાઉનના કારણે દેશના અર્થતંત્રને મોટો ફટકો પડ્યો છે. આર્થિક પ્રવૃત્તિઓ લગભગ ઠપ્પ થઈ ગઈ છે ત્યારે અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા યોગી સરકારે એક વટહુકમ બહાર પાડ્યો છે. આ વટહુકમ દ્વારા ઉત્તર પ્રદેશમાં ત્રણ વર્ષ સુધી ચાર મજૂર કાયદા (લેબર લો)ને બાદ કરતાં બાકીના તમામ લેબર લોનો અમલ મોકૂફ કરી દીધો છે. ઉત્તર પ્રદેશમાં કામદારોને લગતા કુલ ૩૮ કાયદા હતા ને તેમાંથી ૩૪ કાયદાનો અમલ મોકૂફ કરી દેવાયો છે. તેનો અર્થ એ થયો કે, ફેક્ટરી માલિકો, ઉદ્યોગપતિઓ કે રિયલ એસ્ટેટ સહિતનાં કામદારો કામ કરતા હોય તેવાં સ્થળે હવે ચાર જ કાયદા લાગુ પડશે.યોગી સરકારે જે ચાર કાયદા ચાલુ રાખ્યા છે તેમાં એક કાયદો પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ છે. આ કાયદા હેઠળ કામદારને નિયમિત રીતે પગાર કે વળતર ચૂકવવું ફરજિયાત છે. બીજો કાયદો વર્કમેન કમ્પન્સેશન એક્ટ છે. આ કાયદા હેઠળ કામ કરતી વખતે કામદારનું મોત થાય કે ગંભીર ઈજા થાય તો કામદારને માલિકે કે કંપનીએ સરકારી ધારાધોરણ પ્રમાણે યોગ્ય વળતર ચૂકવવું પડે છે. ત્રીજો કાયદો બોન્ડેડ લેબર સિસ્ટમ (એબોલિશન) એક્ટ છે. આ કાયદા હેઠળ બંધુઆ મજદૂર નથી રાખી શકાતા. મતલબ કે, ગુલામોની જેમ કામદાર પાસે કામ ના લઈ શકાય. ગુલામોને ખાવા-પીવાનું આપીને બદલામાં ઢસરડા કરાતા. બંધુઓ મજદૂર પણ એ જ કક્ષાના કામદારો કહેવાય. બોન્ડેડ લેબર સિસ્ટમ (એબોલિશન) એક્ટ હેઠળ આ પ્રથા નાબૂદ કરી દેવાઈ હતી ને એ કાયદો અમલમાં રહેશે. ચોથો કાયદો બિલ્ડિંગ એન્ડ કન્ધસ્ટ્રક્શન વર્કર્સ એક્ટ છે. રિયલ એસ્ટેટ તથા અન્ય બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા કામદારોના કલ્યાણ માટેનો આ કાયદો છે ને એ કાયદો પણ ચાલુ રહેશે. આ સિવાયના બાકીના ૩૪ કાયદા યોગી સરકારે ત્રણ વર્ષ લગી કચરાટોપલીભેગા કરી દેવાયા છે.કામદારો પાસેથી કામ લેનારે બીજા ઘણા કાયદા પાળવા પડતા હોય છે. કામદારોનું પ્રોવિડંટ ફંડ કાપવાથી માંડીને તેમની સલામતી માટે યોગ્ય પગલાં લેવા સુધીની વ્યવસ્થા કામ લેનારે કરવી પડે છે. કામદારો અને કામ લેનાર વચ્ચે થતા વિવાદ ઉકેલવા પણ કાયદા છે. કામદારોના સ્વાસ્થ્ય અને એ લોકોને કેવી સવલતો આપવી એ અંગેના કાયદા પણ છે. આ સિવાય કોન્ટ્રાક્ટ વર્કર્સ અને બહારનાં રાજ્યોમાંથી આવેલા કામદારો માટેના ખાસ કાયદા છે. કામદારોના અધિકારોની ઐસીતૈસી ન કરી દેવાય એટલે તેમના માટે લડવા યુનિયન બનાવવાનો અધિકાર પણ કાયદા હેઠળ અપાયો છે. દરેક ક્ષેત્રમાં કામદારના કામના કલાક નક્કી કરાયા છે, તેને કેટલા સમયનો વિરામ કામ વચ્ચે મળે એ પણ કાયદા દ્વારા નક્કી કરાયું છે. યોગી સરકારે ત્રણ વર્ષ માટે આ બધા કાયદાની ભૂંગળી બનાવીને ઉપર ભરાવી દીધી છે.યોગી સરકારનું કહેવું છે કે, લોકડાઉનના કારણે હાલની બધી આર્થિક પ્રવૃત્તિ ઠપ્પ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશમાં સૌથી ખરાબ અસર થઈ છે તેથી આ બધું ફરી ચાલુ થાય એ માટે ફેક્ટરી માલિકો, ઉદ્યોગપતિઓ, રીયલ એસ્ટેટ ડેવલપર્સ વગેરેને રાહતો આપવી જરૂરી છે. એ જ રીતે બહારથી રોકાણ આવે એ માટે પણ કામદારોને લગતા કાયદાઓમાં છૂટછાટ આપવી જરૂરી છે. યોગી સરકારે જાણે બહુ મોટી રાહત આપતા હોય એમ એલાન કર્યું છે કે, આ કાયદાઓમાં મહિલાઓ અને બાળકોને લગતા કાયદાઓમાં કોઈ છૂટછાટ નથી અપાઈ. બાળકો પાસેથી તો આમ પણ કામ લઈ શકાતું નથી ને જ્યાં મજૂર કાયદા લાગુ પડે છે ત્યાં મહિલા કામદારો બહુ હોતી નથી એ જોતાં આ વાત ફોસલાવવાની મથામણથી વધારે કંઈ નથી.યોગી સરકારે કામદાર કાયદાનો અમલ મોકૂફ કરવા જે કારણો આપ્યાં છે એ પણ આમ તો છોકરાંને ફોસલાવવા જેવાં જ છે. લોકડાઉનના કારણે ફેક્ટરીઓ, ઉદ્યોગો, રિયલ એસ્ટેટ કે જે પણ ક્ષેત્રને માર પડ્યો હોય એ ક્ષેત્રને સરકાર બીજી રીતે મદદ કરી જ શકે. આપણે ત્યાં પાવર સેક્ટર એટલે કે વીજળી પર સરકારની મોનોપોલી છે. યોગી સરકારે રાહત જ આપવી હોય તો વીજળીના દરોમાં રાહત આપીને તેમને મદદ કરી શકે. એ જ રીતે રાજ્ય સરકાર ટેક્સ રાહતો પણ આપી શકે. નવું રોકાણ કરવા માગતા હોય તેમને સસ્તા ભાવે સરકારી જમીન, ઓછા વ્યાજે લોન ને બીજા લાભ આપી જ શકે. એ માટે ગરીબ કામદારોનો હક મારવાની કે તેમની ભલાઈ માટે બનાવેલા કાયદાઓનો અમલ મોકૂફ રાખવાની ક્યાં જરૂર છે?યોગી સરકારે જે પગલું ભર્યું તેની શું અસર થશે એ વિશે પણ વિચારવાની જરૂર છે. એક રીતે આ હાયર ને ફાયર પૉલિસીનો નમૂનો જ છે. કામ લેનાર કામદાર પાસે પોતાને ગરજ હોય ત્યાં લગી ગધેડાની જેમ મજૂરી કરાવે ને પછી ગરજ પતે એટલે તેને લાત મારીને તગેડી શકે એવી છૂટ આ કાયદો આપે છે. ગધેડાની જેમ કામ કરાવો ત્યારે પણ કામદારોની સલામતી ને બીજા કશાની ચિંતા કરવાની નહીં. તેના કારણે શું થાય એ આપણે વિશાખપટ્ટનમમાં એલ.જી.ના પ્લાન્ટમાં ગેસ લીકેજ થયો તેમાં જોયું જ છે. લોકડાઉનના કારણે પ્લાન્ટ બંધ થયો એટલે માલિકો રામભરોસે પ્લાન્ટને મૂકીને જતા રહ્યા. ગેસ લીકેજ થયો તેમાં એક ડઝન લોકો મરી ગયાં. આંધ્રમાં કામદાર કાયદા અમલમાં છે એટલે આ કંપની સામે તો પગલાં લેવાશે પણ કામદાર કાયદાનો અમલ મોકૂફ હોય એટલે આવું કશું થાય ને પાંચ-પચ્ચીસ કામદારો ઢબી જાય તો પણ કશું ના થાય. જે ઉપર ગયા તેમના આત્માને ભગવાન શાંતિ આપે.આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં પણ આવું તો ઘણું થઈ શકે. યોગી સરકારે ૩૪ કાયદાનો અમલ મોકૂફ રાખ્યો છે એ જોતાં કામદારો હવે સાવ ધનિકોના ઓશિયાળા થઈ ગયા એમ કહીએ તો ચાલે. આપણે ત્યાં ધનિકોની માનસિકતા શોષણની છે ને યોગી સરકારે કામદારોના શોષણને સરકારી રાહે મંજૂરી આપી દીધી છે. આ વટહુકમનો અર્થ એ થાય કે, કામદારના કોઈ હક નહીં ને કામ લેનાર ધારે તે કરી શકે. યોગી સરકારનો વટહુકમ એ વાતનો પુરાવો છે કેસ નીચી બોરડીને બધાં ઝૂડે.બીજાં રાજ્યોએ આર્થિક પ્રવૃત્તિઓ ચાલુ થાય એટલા માટે ફેક્ટરી માલિકો અને ઉદ્યોગપતિઓને રાહતો આપેલી જ છે પણ એ રાહતોમાં માનવીય અભિગમ રખાયો છે. ગુજરાત, પંજાબ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં કામદાર પાસેથી ૮ કલાકના બદલે ૧૨ કલાક કામ લઈ શકાય એવો નિયમ અમલી બનાવાયો છે પણ તેમાં કામદારને વધારાના કલાકોનું વળતર આપવાનું ફરજિયાત કરાયું છે.

# ડિસ્ચાર્જ પછી ૭ દિવસ સુધી ઘરે જ આઈસોલેશનમાં રહેવું ફરજિયાત

**કોવિડ કેયર ફેસિલિટીથી ડિસ્ચાર્જ થતા પહેલા જો કોઈ સમયે દર્દીનું ઓક્સીજન સેચુરેશન ૯૫ ટકાથી નીચે આવે તો તેને ડેડિકેટેડ કોવિડ કેર ફેસિલિટીમા દાખલ કરાશે**

**કોરોના સંકટમાં દર્દીઓ માટે રાહતના સમાચારઃ ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર**



કોરોના વાયરસ સંક્રમિત દર્દીઓના રિકવર થયા બાદ ડિસ્ચાર્જ પોલિસીમાં ફેરફાર થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW)એ શનિવારે સવારે નવી પોલિસી જાહેર કરી છે.

નવા ફેરફારો મુજબ, હળવા કેસેમાં ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટિંગની જરરીયાતને સમાપ્ત કરી દેવામાં આવી છે. દર્દીમાં લક્ષણ ન દેખાવા અને સ્થિતિ સામાન્ય લાગવા પર ૧૦ દિવસની અંદર હોસ્પિટલમાંથી રજા આપી શકાય છે. ડિસ્ચાર્જ થયા બાદ દર્દીએ હવે ૧૪ દિવસની જગ્યાએ ૭ દિવસ હોમ આઈસોલેશનમાં રહેવું પડશે. ૧૪માં દિવલે ટેલી-કોન્ફરન્સ દ્વારા દર્દીનું ફોલો-અપ લેવામાં આવશે.

એવા દર્દી જેમાં કોરોનાના લક્ષણ નથી/ ખૂબ નજીવા છે, તેમને કોવિડ કેયર ફેસિલિટીમાં રખાશે. જ્યાં તેમને રેગ્યુલર ટેમ્પ્રેચર ચેક અને પલ્સ ઓક્સિમેટ્રી મોનટરિંગમાંથી પસાર થવું પડશે. જો ત્રણ દિવસ સુધી દર્દીને તાવ આવતો નથી તો દર્દીને ૧૦ દિવસ બાદ ડિસ્ચાર્જ કરી શકાય છે. તેની પહેલાં ટેસ્ટિંગની જરૂર પડશે નહીં. ડિસ્ચાર્જના સમયે દર્દીને ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવાનું કહેવાશે. ડિસ્ચાર્જ પહેલાં જો કયારેય ઓક્સિજન સેચુરેશન ૯૫ ટકાથી નીચે જાય છે તો દર્દીને ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર (CDC)માં લઇ જવાશે.

થોડા ગંભીર લક્ષણ વાળા દર્દીઓને ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટરમાં ઓક્સીજન બેડ પર રાખવામાં આવશે. તેણે બોડી ટેમ્પ્રેચર અને ઓક્સીજન સૈચુરેશન ચેકમાંથી પસાર થવું પડશે. જો તાપ ત્રણ દિવસમાં ઉતરી જાય છે અને દર્દીનું આગામી ૪ દિવસ સુધી સૈચુરેશન લેવલ ૯૫ ટકાથી વધુ રહે છે તો દર્દીને ૧૦ દિવસ બાદ રજા આપી શકાય છે. પરંતુ તાવ, શ્વાસ લેવામાં તકલિફ અને ઓક્સીજનની જરૂરીયાત ન હોવી જોઈએ. તેવામાં દર્દીનો ડિસ્ચાર્જ પહેલા ટેસ્ટ કરવામાં આવશે.

તેવા દર્દી જે ઓક્સીજન સપોર્ટ પર છે, તેને ક્લિનિકલ સિમ્પ્ટમ્સ દૂર થયા બાદ જ ડિસ્ચાર્જ કરવામાં આવશે. સતત ૩ દિવસ સુધી ઓક્સીજન સૈચુરેશન મેન્ટેન રાખનાર દર્દી ડિસ્ચાર્જ થશે. આ સિવાય એચઆઈવી દર્દી અને અન્ય ગંભીર બીમારીઓ વાળા દર્દીએ ક્લિનિકલ રિકવરી અને RT-PCR ટેસ્ટમાં નેગેટિવ આવ્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવશે.

દર્દીને રજા મળ્યા બાદ ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રહેવું પડશે. જો તાવ, કફ કે શ્વાસ લેવામાં મુશ્કેલી જેવા લક્ષણ જોવા મળે તો દર્દીએ કોવિડ કેયર સેન્ટર અથવા સ્ટેટ હેલ્પલાઈન કે પછી ૧૦૭૫ પર સંપર્ક કરવાનો રહેશે. ૧૪માં દિવસે દર્દીનું ફોલો-અપ ટેલી-કોન્ફરન્સ દ્વારા લેવામાં આવશે.

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના મામલા વધવાની ગતિ ફરીથી વધી ગઈ છે. હવે ભારતમાં કોરોનાના મામલા ૧૦ દિવસમાં ડબલ થઈ રહ્યાં છે, જે થોડા દિવસ પહેલા ૧૩ દિવસ પર પહોંચી ગયા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર કુલ મામલા વધીને ૫૯,૬૬૨ પર પહોંચી ગયા છે, જેમાં ૧૯૮૧ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૩૨૦ નવા કેસ સામે આવ્યા છે.

છેલ્લા ચાર દિવસથી કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યાં છે.

# બનાસ ડેરીએ પશુપાલકોનું દૂધ લેવાનું બંધ કર્યાનો કોઈ નિર્ણય લેવાયો નથીઃ ઈન્ચાર્જ એમ.ડી

અમદાવાદ,તા.૯

કોરોના વાયરસથી સંક્રમિત ગામોમાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં બનાસ ડેરીના સંચાલક મંડળે નિર્ણય લઈ દૂધ સ્વીકારવાનું બંધ કર્યાનું કેટલાક સમાચાર માધ્યમોમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર અંગે ખુલાસો કરતાં બનાસ ડેરીના ઈન્ચાર્જ એમ.ડી. કામરાજભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે કોરોના પોઝિટિવ દર્દી જે વિસ્તારમાં આવે તે વિસ્તારને જિલ્લા કલેકટર દ્વારા ગુજરાત સરકારે જાહેર કરેલી એપેડેમીક એક્ટ મુજબ તે વિસ્તારને કન્ટેઈન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવે છે. બનાસ ડેરીના ઈન્ચાર્જ એમ.ડી.શ્રી કામરાજભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, બનાસ ડેરીના નિયામક મંડળ દ્વારા આવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બનાસ ડેરી ગમે તેવા કપરા સંજોગોમાં પણ પશુપાલકોની પડખે રહી છે અને આજની તારીખે પણ દૈનિક સરેરાશ ૫૯ લાખ લીટર દૂધ પશુપાલકો પાસેથી લઈ રહી છે અને હંમેશાં પશુપાલકોના હિતમાં નિર્ણય કરે છે. કોરોના મહામારી સમયે પશુપાલકોએ ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવાયું છે.કન્ટેઈનમેન્ટ ઝોનની આજુબાજુના એરીયામાં આવતાં બફર ઝોનમાં ૨૭ જેટલી દૂધ મંડળીઓ જે બંધ હતી ત્યાં સરકારના જાહેરનામા મુજબ બફર ઝોન હટી જતાં તેને પુનઃ કાર્યરત કરીને દૂધ સ્વીકારવાનું શરૂ કરવામાં આવેલ છે તેમજ હાલના કન્ટેઈનમેન્ટ એરીયામાં પણ પરિસ્થિતિ સામાન્ય થતાં પુનઃ દૂધ મંડળીઓ પશુપાલકો પાસેથી દૂધ સ્વીકારવાનું શરૂ કરી શકશે.બનાસકાંઠા જિલ્લાની આસપાસ ૨૭ ગામોમાં કોરોના પોઝિટીવ કેસ આવતાં કન્ટેઈન્ટમેન્ટ એરીયા તરીકે જાહેર કરેલ છે જેને લઈને નાગરિકોની અવરજવર પર રહેણાંક અને મહેસૂલી વિસ્તારમાં સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. કોરોના મહામારી સમયે સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું આપણા સૌની નૈતિક ફરજ છે.

જેથી જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ દર્દીઓ આવ્યા છે તે વિસ્તારની દૂધ મંડળીઓ દ્વારા પ્રજાહિતમાં દૂધ લેવાનું બંધ રાખ્યું છે. કન્ટેઈનમેન્ટ ઝોન હોય ત્યાં પશુપાલકોમાં પણ કોરોના સંક્રમણનો ભય રહેલો છે જેથી પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને સ્થાનિક દૂધ મંડળીઓએ દૂધ લેવાનું બંધ કરેલ છે.

# અમદાવાદમાં કોરોનાને નાથવા હવે ક્રેન મારફતે સેનેટાઈઝીંગની કામગીરી હાથધરાઈ

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં વધી રહેલા કોરોનાના કેસને લઈને કોર્પોરેશન હવે ફુલ એકશન મોડમાં આવી ગયું છે અને કોટ વિસ્તારોમાં હવે ક્રેન મારફતે સેનેટાઈઝીંગનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ફાયરવિભાગ દ્વારા ક્રેન મારફતે છંટકાવ કરવામાં આવી રહ્યો છે અને મોટા ભાગે ગીચ વિસ્તારોમાં આ કામીગીરી કરવામાં આવી રહી છે. ક્રેન મારફતે સેનેટાઈઝીંગની કામગીરી કરવામાં આવી રહી છે. કોર્પોરેશનની ઓફિસ અને ઢાળની પોળ વચ્ચેનો આ વિસ્તાર છે જયા આ રીતે હવામાં સેનેટાઈઝીંગનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે અને હવામાં સેનેટાઈઝીંગ કરીને હવાને શુદ્ધ કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. સાથેજ જુદી જુદી પોળમાં ડ્રોન મારફતે હવે સેનેટાઈઝીંગ કરવામાં આવી રહ્યું છે.

સવારમાં ૩ કલાક અને સાંજે ૩ કલાક એમ દરરોજ ૬ કલાક હવે તંત્ર દ્વારા આ રીતે સેનેટાઈઝીંગ કરવામાં આવશે અને અંદાજે ૪૦થી વધુ ક્રેન મારફતે અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આ રીતે સેનેટાઈઝીંગની કામગીરી દરરોજ કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં સતત વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને આજથી મેગા સેનિટેશનની કામગીરી શરૂ કરી છે. જમાલપુર વિસ્તારમાં સવારથી આ કામગીરી શરૂ કરાઇ છે. સેનિટેશનની કામગીરીમાં રેડઝોનના વોર્ડને અગ્રીમતા આપવાનુ નક્કી કરાયુ છે.મ્યુનિસિપલ કમિશનર તરીકે ચાર્જ સંભાળતાની સાથે મુકેશકુમાર દ્વારા કમિશનર વિજય નહેરાની પધ્ધતિથી અલગ બાબતો ઉપર ભાર મુકયો છે.

કમિશનરે અમદાવાદ શહેરમાં કોરોના કેસનુ સંક્રમણ ઘટાડવા,દર્દીઓને આપવામાં આવતી સારવારને વધુ ઝડપી અને સારી બનાવવાની સાથે મોતના વધતા આંકડાને ઘટાડવા ઉપર ભાર મુકયો છે. ચૂંટાયેલા કોર્પોરેટરો પોત પોતાના વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હોતા હોવાથી તેમને પણ કામગીરીમાં સાથે રાખવા કહ્યુ છે. શહેરના અલગ અલગ વોર્ડમાં ફાયર વિભાગ દ્વારા મેગા સેનિટેશનની કામગીરી હાથ ધરાશે. વિશેષ કરીને જે વોર્ડ વિસ્તારો રેડઝોનમાં છે એવા વિસ્તારોને અગ્રીમતા અપાશે.

# અમદાવાદમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ભય, ICMRની ખાસ તૈયારી

### દરેક જિલ્લામાં શ્વાસની બીમારી, ઈન્ફ્લૂએન્જાના ૨૫૦ સેમ્પલોની તપાસ

અમદાવાદ,તા.૯

દેશમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ કેસ અંદાજે ૬૦ હજારની આસપાસ પહોંચી ચૂકયા છે. હજુ પણ ૨૦૦થી વધુ એવા જિલ્લા છે જે કોરોનાથી અછૂત છે. બીજીબાજુ કેટલાંય એવા જિલ્લા છે જે કોરોના સંક્રમણના ગઢ બની ચૂકયા છે. દેશમાં અંદાજે ૭૭૫ જિલ્લામાં કોવિડ-૧૯ના મોટાભાગે કેસ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ હવે આ ૭૫ જિલ્લામાં સ્ટડી શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે જેથી કરીને જાણી શકાય કે કયાંક આ જિલ્લાઓમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન તો શરૂ નથી થયું ને?

સ્વાભાવિક છે કે કોમ્યુનિટી ટ્રાન્સમિશનની આશંકાવાળા તમામ ૭૪૫ જિલ્લા રેડ ઝોનનો હિસ્સો છે. તેમાં દિલ્હીના તમામ જિલ્લા, મુંબઈ, પૂણે, થાણે, આગ્રા, અમદાવાદ જેવા ક્ષેત્ર સામેલ છે. દાખલા તરીકે મુંબઈમાં ૧૨૦૦૦થી વધુ કેસ છે. દિલ્હીમાં ૬૦૦૦થી વધુ તો અમદાવાદમાં ૫૦૦૦ પ્લસ કેસ છે. પૂણે અને થાણેમાં ૨૦૦૦થી વધુ કેસ છે. ઈન્દોરમાં ૧૭૦૦થી વધુ, જયપુરમાં ૧૦૦૦થી વધુ, જોધપુર અને સુરતમાં ૮૦૦-૮૦૦ કેસ અને આગ્રામાં ૭૦૦થી વધુ કોરોના કેસ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પણ તમામ રાજ્યોને કહ્યું કે તેઓ દરેક જિલ્લામાં સિવિયર એક્યૂટ રેસ્પિરેટરી ઈલેનસ એટલે કે શ્વાસ લેવામાં સમસ્યા અને ઈન્ફ્લૂએન્જા જેવી બીમારીઓવાળા લોકોને કમ સે કમ ૨૫૦ સેમ્પલોના ટેસ્ટ કરો. કેન્દ્ર આવો નિર્દેશ એટલા માટે આપ્યો કે જેથી કરીને વાયરસના ફેલાવા પર નજર રાખી શકાય અને તેના પર યોગ્ય રીતે નજર રાખી શકાય.અધિકારીઓએ કહ્યું કે શરૂઆતમાં આઈસીએમઆરનો પ્લાન હતો કે કલસ્ટરવાળા કે ખૂબ વધુ કેસોવાળા જિલ્લામાં આ પ્રકારના સ્ટડીને રેપિડ એન્ટી-બોડી ટેસ્ટ કિટ્સ દ્વારા તપાસ કરવામાં આવે. જો કે જયારે આ કિટસના પરિણામોમાં વિસંગતતાઓ જોવા મળવા લાગી ત્યારે આ પ્લાનને સ્થગિત કરી દેવાયો. હવે કાઉન્સિલની યોજના છે કે આ ૭૫ જિલ્લામાં એન્જાઈમલિંક્ડ ઈમ્યૂનોસોર્બેંટ અસે ટેસ્ટ કિટસ દ્વારા સ્ટડી કરવામાં આવે.

# કોરોના કેસો વધતા ગોંડલ તાલુકામાં મંજૂરી વગર પ્રવેશ પર પ્રતિબંધ

ગોંડલ,તા.૯

ગોંડલમાં વધુ બે કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા છે. ગોંડલનાં અક્ષરધામ સોસાયટીમાં રહેતા વૃધ્ધ દંપતીનાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં તંત્રમાં દોડધામ મચી જવાં પામી હતી. રાત્રીનાં આ દંપતિને રાજકોટ ખસેડાયાં છે. દંપતી બે મહિના અમદાવાદ રોકાઈને ગોંડલ આવ્યા હતા. ગોંડલની અક્ષરધામ સોસાયટીમા રહેતા ૬૫ વર્ષીય પતિ અને ૬૩ વર્ષી પત્નીનું ચેકઅપ કરાવવામા આવ્યું હતું. જેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. નોંધનીય છેકે, આ પહેલા ત્રણ એસઆરપી જવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે જ તાલુકામાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૫ પર પહોંચી છે. પોઝિટિવ આવનાર દંપતી અમદાવાદ બાપુનગર સાળા રહેતા હોય ગોંડલથી સાળાને ત્યાં અમદાવાદ ગયાં હતાં.લોકડાઉન દરમ્યાન એકાદ માસથી ત્યાંજ હતાં. ગુરુવાર સવારે અમદાવાદથી ગોંડલ આવતાં તેમને કોરોન્ટાઇન કરાયાં હતાં. દરમ્યાન તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બે દિવસ દરમિયાન આ દંપતિ કોના કોના સંપર્કમાં આવ્યું તે અંગે પ્રશાસન દ્વારા તપાસ હાથ ધરાઈ છે. ગોંડલમાં કોરોનાનાં પગપેસારાને લઈને નગરપાલિકા પ્રમુખ અશોક પીપળીયા, ઉપપ્રમુખ અપર્ણાબેન આચાર્ય દ્વારા લોકોને ઘરમાં રહી સ્વયં શિસ્ત જાળવી લોકડાઉનનો કડક અમલ કરવા અપીલ કરી છે. અમદાવાદથી ગોંડલ આવેલું કોરોના પોઝિટિવ વૃદ્ધ દંપતી સાથે બે દિવસ રીક્ષા મોટર સાયકલમાં સાથે ફરનાર ભગવતપરાના રફીકભાઈ પિંજોરાને ક્વૉરન્ટીન કરાયા છે, આરોગ્ય વિભાગની ટીમ પ્રાંત કચેરી, મામલતદાર કચેરીના અધિકારીઓ તેમજ નગરપાલિકાના કર્મચારીઓએ રાતભર કામગીરી કરી હતી.તેવામાં ગોંડલમાં આગામી દિવસોમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થવાની શક્યતા નકારી શકાય નહીં, તેથી લોકડાઉનનો ચૂસ્ત અમલ કરાવવા માટે ગોંડલ તાલુકા સેવા સદન ખાતે પ્રાંત અધિકારી અને ડીવાયએસપીની અધ્યક્ષતામાં તાકીદની બેઠક મળી હતી. આ બેઠકમાં જણાવાયું હતું કે સરકારી મંજૂરી અને મેડિકલ ચેકઅપના નિતી નિયમોનું પાલન કરવામાં નહીં આવ્યું હોય તો ગોંડલ તાલુકામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ગોંડલ તાલુકા અને શહેરમાં ઉભી કરવામાં આવેલી ચેકપોસ્ટ પર નોંધણી કરાવવી ફરજિયાત છે. જો કોઈ અન્ય રસ્તેથી પ્રવેશ કરી નિયમોનો ભંગ કરશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# કોરોના સંકટમાં રૂપાણી સરકારે ગેસ વપરાશકાર ઉદ્યોગોને આપી રાહત

ગાંધીનગર,તા.૯

કોરોના કહેર વચ્ચે મુખ્યમંત્રીના અગ્ર સચિવ અશ્વિની કુમારે પોતાના બુલેટિનમાં રાજ્યની સ્થિતિ વિશે ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં ઘણા ઉદ્યોગો એવા છે જે ગુજરાત ગેસનો ઉપયોગ ઉદ્યોગો માટે કરે છે. ઉદ્યોગો માટે ગુજરાત ગેસની બીલમાં રાહત આપવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. ગુજરાત ગેસના ગેસ વાપરતા હોય માર્ચના બીજા પખવાડિયામાં જે કોઈપણ બીલ ડ્યૂ થતા હતા એ તમામ બીલોની ડ્યૂ ડેટ ૧૦મી મે કરવામાં આવી છે. ૧૦ મેના દિવસે ગેસના ચાર્જ ડ્યૂ થાય તેને ભરવા માટે ૨૩ જૂન સુધી ૧૫ દિવસના ચાર હપ્તા કરી આપવામા આવ્યા છે. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને એપ્રિલ મે અને જૂન ત્રણ મહિના માટે એમજીઓમાંથી ઉદ્યોગોને મુક્તિ આપવામાં આવી છે.

**સરકાર દ્વારા આપવામાં આવેલી રાહત**

૧૫ માર્ચ પછીના ગેસના બિલની ડ્યુ ડેટ ૧૦ મે કરવામાં આવી

૧૫-૧૫ દિવસના ગેસના બિલના ૪ હપ્તા કરી આપવામાં આવ્યા

૧૦ મેના ગેસના ચાર્જ ડ્યુ થાય તેને ૨૩ જુલાઇ સુધઈનો સમય

મિનિમમ ફિક્સ ચાર્જમાંથી મુક્તિ

૧૦ મે સુધી બિલ ન ભરી શકનાર કંપની ૨૩ મે સુધી બિલ ભરી શકશે

ગાંધીનગર અને કલોલ શહેર રવિવાર સુધી સંપૂર્ણપણે લોક કરાયુ.

માત્ર દવા અને દુધની દુકાનો જ ખુલ્લી રહેશે. કરિયાણા અને શાકભાજી બંધ

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં રોકાણ કરવા ઈચ્છતી કંપનીને લેબર લોમાંથી મુક્તી આપવાની જાહેરાત કરી હતી. કંપનીના નવા પ્રોજેક્ટમાં ૧૨૦૦ દિવસ લેબર લોમાંથી મુક્તિ આપવામાં આવશે. પરંતુ કંપનીએ ન્યૂનતમ વેતન, સેફટી આપવી જરૂરી છે. દુર્ભાગ્યવશ એકમમાં દુર્ઘટનામાં શ્રમિકને નુકસાન થાય તો વળતર ચુકવવું પડશે. નવી રોજગારીનું સર્જન કરતા એકમને સમાન લાભ આપવાની જાહેરાત કરાઈ છે. પરંતુ કોઈપણ રાજ્યની કંપની ઉદ્યોગ લઈને આવે તો તેને લાભ મળશે. મોરબીમાં સિરામિક ઉદ્યોગ અને સાઉથ ગુજરાતના નાન ઉદ્યોગો, સૌ ઔધ્યોગિક ગ્રાહકો માટે ચાર મહત્વના નિર્ણય લીધા છે. ગુજરાત સરકારે નક્કી કર્યું છે કે રાજ્યમાં જે પણ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ હાલ કામ કરી રહ્યો છે અને કોરોનાના દર્દીઓની સેવામાં રોકાયો છે તેમને વધારાનું વળતર ચૂકવવામાં આવશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001